### ઉત્પાદનની પ્રક્રિયા પર પ્રતિબંધ, કંપનીને સીલ મારવામાં આવશે

# દહેજની ભારત રસાયણમાં આગથી બે કામદારનાં મોત, ૨૭ સારવારમાં

### સાયપર મેથ્રિક ક્લોરાઈડના ઉત્પાદન વેળા રિએક્ટરમાં ક્ષતિથી અકસ્માતની ભીતિ

। ભરૂચ - દહેજ ।

દહેજની ભારત રસાયણ કંપનીમાં બ્લાસ્ટ સાથે આગ લાગવાના બનાવમાં ઈજાગ્રસ્ત ૩૬ પૈકી ૨ કામદારોના સારવાર દરમ્યાન મોત થયા છે. હજી પણ ૨૭ ઈજાગ્રસ્તો સારવાર હેઠળ છે. જેમાંથી ગંભીર એવા ૮ કામદારોને આઈસીયુમાં દાખલ કરવામાં આવ્યા છે. જેમાં ૪ની હાલત નાજુક હોવાનું જણાયું છે. કંપનીમાં સાયપર મેથ્રિક એસિડ ક્લોરાઈડના ઉત્પાદન વેળા રિએક્ટરમાં સર્જાયેલી ક્ષતિથી બનાવ બન્યો હોવાનું જણાય છે. હાલ કંપનીમાં ઉત્પાદનની પ્રક્રિયા પર પ્રતિબંધ લાદ્યો છે. ભરૂચ જિલ્લાની ઔદ્યોગિક નગરી દહેજ ખાતે આવેલી ભારત રસાયણ કંપનીમાં મંગળવારે બપોરના સમયે ધડાકાભેર આગ ફાટી નીકળી હતી. આ આગના ધુમાડાના ગોટેગોટા ૧૦ કિ.મી. દુરથી જોઈ શકાતા હતા. આ પ્રચંડ ધડાકા સાથે ફાટી નીકળેલી ભીષણ આગમાં કુલ ૩૬ કામદારોને ઈજા થઈ હતી. જેમને સારવાર માટે ભરૂચ અને વડોદરા હોસ્પિટલમા દાખલ કરવામાં આવ્યા હતા. જ્યારે ૭ ઈજાગ્રસ્તોને ઓપીડી સારવાર બાદ રજા આપવામાં આવી હતી. સારવાર દરમ્યાન વડોદરા ખાતે અંક્લેશ્વરના કોસમડીના સુધાંશુ શેખર વામનનું તેમજ ભરૂચ ખાતે કુંદન કુમાર ઝાનું મૃત્યુ થતાં મૃત્યુ આંક બે થયો છે. હજુ ૨૭ ઈજાગ્રસ્તો સારવાર હેઠળ છે. મૃતકોના પરિજનોને કંપની દ્વારા રૂ.૧૫- ૧૫ લાખનું વળતર આપવાની હાલ જાહેરાત કરવામાં આવી છે. તેમજ તમામ ઈજાગ્રસ્તોનો પગાર ચાલુ રાખી સારવારનો તમામ ખર્ચ પણ કંપનીએ વહન કરવાની જાહેરાત કરી છે.

હાલતો કંપની સામે પ્રોહિબિટરી ઓર્ડર એટલે કે ઉત્પાદન પ્રક્રિયા ઉપર પ્રતિબંધ લગાવી દેવામાં આવ્યો છે.

### બેઠકોમાં સરપંચ પતિની હાજરી હવે નહીં ચાલે

# ગામડામાં મહિલા સરપંચને બદલે 'SP'એ વહીવટ કર્યો તો કાર્યવાહી

। ગાંધીનગર ।

ગુજરાતની ગ્રામ પંચાયતોનો વહીવટ મહિલા સરપંચોને બદલે તેમના પતિ અર્થાત 'SP' કરી રહ્યા છે. ચૌમેરથી આવી રજૂઆતોને મળતા રાજ્યના પંચાયત વિભાગે જિલ્લા વિકાસ અધિકારી- DDOને પોતાના તાબા હેઠળની પંચાયતોમાં જ્યાં પણ મહિલા સરપંચને બદલે સરપંચ પતિ તરફથી વહિવટ થતો હોય, પંચાયતની બેઠકમાં હાજરી રહેતી હોય ત્યાં નોટીસ આપવા સહિતની કાર્યવાહી કરવા કહેવાયું છે.

ગતવર્ષે ગ્રામ પંચાયતોની સામાન્ય ચૂંટણી બાદ રાજ્યમાં ૫૦ ટકા મહિલા અનામતથી વધુ બે ટકા અર્થાત બાવન ટકા પંચાયતોમાં સરપંચપદે મહિલાઓ ચૂંટાઈ છે. જો કે, ગ્રામીણ ક્ષેત્રે પુરૂષ પ્રધાન સમાજી સ્થિતિને કારણે લોકતાંત્રિક રીતે ચૂંટાયેલી મહિલા સરપંચો પોતાને મળેલા સરપંચ તરીકેને અધિકારોનો સ્વતંત્ર ઉપયોગ કરી શકતી નથી. મહિલા આયોગ સમક્ષ આ પ્રકારની રજૂઆતો મળ્યા બાદ DDO તરફથી તાલુકા વિકાસ અધિકારી- TDO અને તલાટીઓને પત્ર લખીને મહિલા સરપંચો તેમને મળેલા અધિકારોનો ઉપયોગ કરી શકે તેના માટે નિર્દેશો આપવામાં આવ્યા છે. પત્રમાં કહેવાયુ છે કે, ગ્રામ અને તાલુકા પંચાયતોની સમાન્ય બેઠકમાં, સમિતિની બેઠકમાં કે અન્ય કોઈ પણ પ્રકારની વહિવટી પ્રક્રિયા હેઠળની બેઠકોમાં ક્યાંય પણ મહિલા સરપંચના સ્થાને કે તેમના વિકલ્પમાં સરપંચના પતિ હાજર રહેવા જોઈએ નહી. મહિલાઓને જ ફરજિયાત પણે હાજર રાખવામાં આવે.

### આયોગમાં રજૂઆત થતા દરેક જિલ્લામાં DDOના આદેશો

### નોંધાયેલી સંસ્થાઓના ૪.૪૨ લાખ પશુધન માટે નિર્ણય

# ગૌશાળા, પાંજરાપોળને પશુદીઠ રૂ.૩૦ની સહાય ૧લી એપ્રિલની અસરથી ચૂકવાશે

### ચોમાસા પહેલા જિલ્લાદીઠ ૭૫ તળાવોના કામો શરૂ કરવા સરકારનો નિર્ણય

। ગાંધીનગર ।

ગુજરાતમાં નોંધાયેલા પાંજરાપોળ અને ગૌશાળાને ૧લી એપ્રિલ ૨૦૨૨ની પાછલી અસરથી પશુદિઠ દૈનિક રૂ.૩૦ની સહાય ચૂકવવા સરકારે નિર્ણય કર્યો છે. બુધવારે કેબિનેટની બેઠક બાદ પત્રકારો સમક્ષ તેની જાણકારી આપતા પ્રવક્તા મંત્રી જીતુ વાઘાણીએ આ નિર્ણયથી નોંધાયેલી સંસ્થાઓના ૪.૪૨ લાખ પશુધનને રાહત થશે તેમ કહ્યુ હતુ.

ગૌધનના જનત- સંવર્ધન માટે માટે સરકારે માર્ચ મહિનામાં બજેટમાં રૂ.૫૦૦ કરોડની ગૌ માતા પોષણ યોજના જાહેર કરી હતી. જેના હેઠળ પશુદિઠ સહાય ચૂકવવામાં આવશે. તદ્ઉપરાંત પાંજરાપોળોમાં ગોબર આધારિત બાયોગેસ પ્લાન્ટના નિર્માણ માટે પણ રૂપિયા બે કરોડની સહાય ચૂકવાશે. જેનો લાભ ૧૪ એકર જમીન અને ૧૦૦૦થી વધુ પશુ નિભાવ હોય તેને લાભ મળી શકશે. આ નિર્ણયથી ગૌશાળા અને પાંજરાપોળો આર્થિક સક્ષમતા મેળવી શકશે. પ્રવક્તા મંત્રી જીતુ વાઘાણીએ કહ્યું કે, આઝાદીના અમૃત મહોત્સવની ઉજવણી નિમિત્તે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દેશના તમામ જિલ્લાઓમાં ૭૫ અમૃત સરોવર નિર્માણનું કામ હાથ ધર્યુ છે. ગુજરાતમાં જિલ્લાદીઠ ૭૫ તળાવોના નિર્માણની કામગીરી શરૂ કરી દેવાઈ છે. ચોમાસા પૂર્વે તે પૂર્ણ કરવા પણ સુચનાઓ આપવામાં આવી છે. તેમણે ચણા પકવતા ખેડૂતો પાસેથી અત્યાર સુધીમાં ટેકાના ભાવે થયેલી ખરીદી પેટે રૂ.૧,૪૮૧ કરોડની ચૂકવણી કર્યાનું પણ ઉમેર્યુ હતુ. રાજ્યમાં ભૂગર્ભ જળ ઊંચા લાવવા ચાલી રહેલુ સુજલામ સુફલામ જળ અભિયાન હેઠળ ૮૪ ટકા કામો પૂર્ણ થયાનો અહેવાલ પણ કેબિનેટમાં રજૂ કરવામાં આવ્યો હતો.

**સિંહના વસવાટ, વિહાર ક્ષેત્રોના પ્રશ્નો મુદ્દે કેન્દ્રીય મંત્રી આવશે**

ભારતના વન અને પર્યાવરણ મંત્રી ભૂપેન્દ્ર યાદવ ૨૩ મેથી ગુજરાતના પ્રવાસે છે. તેઓ એશિયાટિક સિંહના સંવર્ધન ગુજરાતના અધિકારીઓ સાથે સમીક્ષા બેઠક યોજશે. ગીર અભયારણ્ય નેસમાં વસતા નાગરિકો, હોટલના માલિકો, ખેડૂતોના પ્રશ્નોના નિરાકરણ માટે સંવાદ કરશે.

### PMના જન્મસ્થળને હેરિટેજ ટૂરિસ્ટ ડેસ્ટિનેશન બનાવવા પરિષદ

# વડનગરમાં આકાર પામતું મ્યુઝિયમ નવું નજરાણું બની રહેશે : મુખ્યમંત્રી

### હવે તાનારીરી મહોત્સવને કેન્દ્ર સરકાર સ્પોન્સર કરશે : મીનાક્ષી લેખી

। ગાંધીનગર । (પ્રતિનિધિ દ્વારા)

બુધવારે વર્લ્ડ મ્યુઝિયમ દિવસથી પાટનગરમાં મહાત્મા મંદિર ખાતે વડનગરને હેરિટેજ ટૂરિસ્ટ ડેસ્ટિનેશન તરીકે પ્રોજેક્ટ કરવા ત્રણ દિવસની પરિષદનો આરંભ થયો છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ઉદ્ઘાટન સમારોહમાં વડનગરના ભવ્ય ઈતિહાસ અને વિરાસતને વિશ્વ સમક્ષ લેન્ડ માર્ક હેરિટેજ ટૂરિસ્ટ ડેસ્ટિનેશન તરીકે પ્રસ્તુત કરવાનો નિર્ધાર વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, વડનગરમાં કીર્તિ તોરણ-બૌદ્ધ વિહારો-શર્મિષ્ઠા તળાવ-તાનારીરી સમાધિ જેવા પ્રકલ્પોથી વડનગરની આગવી ઓળખ ઊભી થઈ છે અને હવે આકાર લઈ રહેલું આર્કિયોલોજિકલ એક્સ્પેરિમેન્ટલ મ્યુઝિયમ નવું નજરાણું બની રહેશે.

કેન્દ્રના સાંસ્કૃતિક બાબતોના રાજ્યમંત્રી મીનાક્ષી લેખીએ વડનગરમાં દર વર્ષે નવેમ્બરમાં યોજાતા તાનારીરી સંગીત મહોત્સવને હવે કેન્દ્રના સહયોગથી રાષ્ટ્રીય-આંતરરાષ્ટ્રીય મહોત્સવ તરીકે ઊજવવાની જાહેરાત કરી જણાવ્યું હતું કે, વડા પ્રધાનના જન્મસ્થળના ઐતિહાસિક વારસાને વિશ્વના બેસ્ટ ટૂરિસ્ટ ડેસ્ટિનેશન તરીકે વિકસાવવાની નેમ સાથે આ પરિષદ યોજાઈ રહી છે.

તા. ૨૦મી મે સુધી ચાલનારી આ કોન્ફરન્સમાં ભુતાન-શ્રીલંકા-માલદિવ્સના ડિરેક્ટર એવા યુનેસ્કોના પ્રતિનિધિ એરિક ફાલ્ટ, ૬ જેટલા દેશોના તથા વિવિધ રાજ્યોના પુરાતત્ત્વ નિષ્ણાતો, ઈતિહાસકારો તેમજ આ વિષયોમાં અભ્યાસ કરી રહેલા વિદ્યાર્થીઓ ભાગ લઈ રહ્યા છે.

**ગરબા માટે હેરિટેજ દરજ્જો મેળવવા પ્રયાસ**

યુનેસ્કોના પ્રતિનિધિ એરિક ફાલ્ટે જણાવ્યું હતું કે, ભારત તેની આઝાદીનો અમૃત મહોત્સવ યોજી રહ્યું છે અને આ જ વર્ષમાં યુનેસ્કો વર્લ્ડ હેરિટેજ કન્વેશનની ૫૦મી જયંતી પણ છે, અને ૨૦૨૩ના વર્ષમાં યુનેસ્કો કન્વેન્શનની ૨૦મી જયંતી વખતે ભારત સરકાર ગુજરાત ગરબાની લોક પરંપરાનું નામાંકન કરશે.

# નજીવી વાતમાં કેળકૂવામાં પિતાનું ગળું દબાવી પુત્રે હત્યા કરી દીધી

। સાગટાળા ।

સાગટાળા ના કેળકૂવા ગામે પુત્રે પોતાના પિતાની ગળુ દબાવી હત્યા કર્યાનો બનાવ પોલીસ મથકે નોંધાયો છે.

કેળકૂવાના નાનીયાભાઈ રાઠવાએ તેના પુત્ર શૈલેષને કહ્યું હતું કે, તારા બબ્બેવાર લગ્ન કરાવ્યા છતા છુટાછેડા થયેલ છે અને તું મજુરી કામ કરવા પણ જતો નથી તેવી ટકોર કરી હતી. જેથી શૈલેષે તેના પિતાને ગાળો બોલી મેં મુકાવેલા હેન્ડપંપ પરથી કેમ પાણી ભરવા આવો છો? તેમ કહી હેન્ડપંપને છુટો પાડતો હતો. તે વખતે તેના પિતાએ તું હેન્ડપંપને કેમ ખુલ્લો કરે છે તેમ કહેતાશૈલેષે ઝપાઝપી કરી હતી. તે પછી શૈલેષે તેના પિતા નાનીયાભાઈને ગળાના ભાગે જોરથી પકડી પાડી નીચે જમીન પર પાડી દઈ ગળુ દબાવી દીધું હતું. અને શૈલેષ ઘરના બીજા સભ્યોને પણ મારવા માટે દોડી જઈ કહેતો હતો કે, પપ્પાને તો આજે પુરો કરી દીધો છે અને તમને પણ જીવતા છોડવાનો નથી તેમ કહી ભાગી ગયો હતો. બનાવ અંગે મણિલાલ રાઠવાએ સાગટાળા પોલીસ મથકે ફરિયાદ દાખલ કરતા પોલીસે તપાસ હાથ ધરી છે.

## જખૌમાંથી ચરસના વધુ આઠ પેકેટ મળ્યા

ભુજ : કચ્છના કાંઠાળ દરિયાઈ વિસ્તાર અને ક્રીકમાંથી પોલીસ તેમજ સુરક્ષા અને ગુપ્તચર એજન્સીઓને બિનવારસું ચરસના પેકેટ મળવાનો સિલસિલો યથાવત્ આગળ વધી રહ્યો છે. આ દરમિયાનમાં આજે નેવી ઈન્ટેલિજન્સ અને બીએસએફના સર્ચ ઓપરેશન દરમિયાન જખૌના ઈબ્રાહીમપીર વિસ્તારમાંથી ચરસના વધુ આઠ બિનવારસું પેકેટ મળી આવ્યા હતા. પકડાયેલા ચરસના જથ્થાની અંદાજિત કિંમત ૧૨ લાખની આસપાસ માનવામાં આવી રહી છે. નોંધનીય છે કે, બીએસએફ દ્વારા કચ્છના કાંઠાળ અને ક્રીક વિસ્તારમાંથી તા.૨૦મી મે ૨૦૨૦થી અત્યાર સુધીમાં ૧૫૧૨ જેટલા ચરસના પેકેટ કબજે કરાયા છે. નોંધનીય છે કે, મે મહિનાની ૧લી અને ૩જી તારીખે મરીન કમાન્ડોએ બે તેમજ ૧૦ પેકેટ ચરસના કબજે કર્યા બાદ તા.૪નાં સવારે પેટ્રોલિંગ દરમ્યાન બીએસએફની ટીમને ચરસના રૂ.૧૨ લાખની કિંમતના ૮ બિનવારસુ પેકેટ મળી આવ્યા હતા. આ ઉપરાંત ગત તા.૧૩ના નેવી ઈન્ટેલિજન્સ તેમજ સ્પેશિયલ ઓપરેશન ગ્રૂપને મોટા પીર બેટ પરથી ચરસના બે બિનવારસુ પેકેટ મળી આવ્યા હતા.

### ડિજિટલાઈઝેશનની મસમોટી વાતો વચ્ચે શિક્ષણ વિભાગ ઊંઘમાં

# પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરીનું પોર્ટલ છેલ્લા ૧૫ વર્ષથી અપડેટ નહીં

### સ્કૂલ, વિદ્યાર્થીની સંખ્યા સહિતની વિગતો ૨૦૦૭ પછી અપડેટ થઈ જ નથી

। અમદાવાદ ।

ગુજરાતની ભાજપ સરકાર દ્વારા ડિજીટલાઈઝેશનની મસમોટી વાતો કરવામાં આવે છે પરંતુ શિક્ષણ વિભાગની કેટલીક કચેરીઓ હજુ પણ ઊંઘમા જ હોય તેવી વિગતો સામે આવી છે. રાજ્યની પ્રાથમિક શાળાઓનું સંચાલન કરતી પ્રાથમિક શિક્ષણ નિયામક કચેરીની વેબસાઈટ છેલ્લા ૧૫ વર્ષથી અપડેટ થઈ નથી. આ વેબસાઈટ પર રાજ્યમાં કેટલી પ્રાથમિક શાળાઓ આવેલી છે, તેમા અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ અને ફરજ બજાવતાં શિક્ષકો સહિતની તમામ વિગતો અપલોડ કરવામાં આવે છે. પરંતુ આ વેબસાઈટમાં વર્ષ-૨૦૦૭-૮ પછી કોઈ નવી વિગતો અપડેટ કરવામાં આવી ન હોવાના આક્ષેપો થયાં છે.

ગુજરાત સરકારના શિક્ષણ વિભાગની સત્તાવાર વેબસાઈટમાં વિવિધ વિભાગની સાઈટમાં એચ.ઓ.ડી અને બોર્ડ પર ક્લિક કરતાં નિયામક/ કમિશ્નર કચેરી એવુ ઓપ્શન ખુલે છે. જેના પર ક્લિક કરતાં પ્રથમ ક્રમે જ પ્રાથમિક શિક્ષણ નિયામક દર્શાવેલુ છે જેના પર ક્લિક કરતાં પ્રાથમિક શિક્ષણ નિયામક કચેરીની વેબસાઈટ ઓપન થાય છે. આ વેબસાઈટ પરની હકિકત જોઈએ તો, ગુજરાતમાં સાક્ષરતાં દરની વિગતો પણ ૨૦૦૧ પછીની અપડેટ કરવામાં આવી નથી. આ સિવાય પ્રાથમિક શાળા અને પીસીટી કોલેજોની સંખ્યા અને તેમા અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ તેમજ શિક્ષકોની સંખ્યા પણ વર્ષ-૨૦૦૬-૦૭ની જ દર્શાવવામાં આવી છે. આવી જ રીતે રાજ્યની ખાનગી પ્રાથમિક શાળાઓની સંખ્યા અને તેમા અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ જેમા કન્યા અને કુમાર તેમજ ગ્રામ્ય અને શહેર વિસ્તારની આંકડાકીય વિગતો પણ વર્ષ-૨૦૦૭-૦૮ પછી અપડેટ કરવામાં આવી નથી. આ ઉપરાંત અન્ય આંકડાકીય વિગતો જેવી કે, પ્રાથમિક શિક્ષણમાં વિદ્યાર્થીઓની ધોરણવાર સંખ્યા, પૂર્વ પ્રાથમિક શાળાઓ, વિદ્યાર્થીઓ અને શિક્ષકોની જિલ્લા વાર સંખ્યા, પ્રાથમિક શિક્ષણમાં શાળાઓના પ્રકાર મુજબ શાળાઓની સંખ્યા, વિદ્યાર્થીઓ અને શિક્ષકોની જિલ્લાઓવાર પી.ટી.સી. સંસ્થાની સંખ્યા સહિતની વિગતો અપડેટ કરવામાં આવી નથી.

Contact for
F.M.G.E Exam
(June Session)
D.N.B. Exam
NEET (M.B.B.S)
NEET PG Admission
Mob : 88820 36133

### અરજદારોને કેમ ધક્કા ખવડાવવામાં આવે છે ?

# ફાયર N.O.C. માટે એક હજારથી વધુ અરજીઓ પેન્ડિંગ? કમિશનરે અધિકારીઓનો ઉધડો લીધો

### હોસ્પિટલોને સી.ફોર્મ મુદ્દે ચિમકી : રથયાત્રા પહેલાં રૂટ પરના ભયજનક મકાનો ઉતારી લેવા તાકીદ

। અમદાવાદ ।

અમદાવાદ શહેરની હાઈ રાઈઝ, લૉ રાઈઝ સહિતની ઈમારતો સાથે કેટલાક ઔદ્યોગિક ક્ષેત્રની ફેક્ટરીઓને ફાયર એન.ઓ.સી. આપવામાં ચાલતા ધાંધિયા અંગે મ્યુનિ. કમિશનર લોચનસિંહ સેહરાએ આજે ફાયરબ્રિગેડના વડા અધિકારીઓ પર પ્રશ્નોની પસ્તાળ પાડી હતી અને એવો ખુલાસો માગ્યો હતો કે, ફાયર એન.ઓ.સી. માટે ૧,૧૦૦ જેટલી અરજીઓ છેલ્લા ઘણા વખતથી પેન્ડિંગ પડી રહી છે તેનો નિકાલ કરવામાં આવતો નથી તેની પાછળનું કારણ શું છે ? કારણ વિના અરજદારોને ધક્કા ખવડાવવા પાછળનો હેતું શું છે ? તેમને જણાવો.

મ્યુનિ. વરિષ્ઠ અધિકારીઓ સાથેની બુધવારી બેઠકમાં કમિશનરે એ પણ જાણવા માંગ્યું હતું કે, ફાયર એન.ઓ.સી. અરજી આવ્યા બાદ તેની ચકાસણી અને સંબંધિત સ્થળ પર જઈ ફાયરના સાધનો છે કે કેમ ? તે અંગેનો રિપોર્ટ ફાયર બ્રિગેડની મુખ્ય કચેરી પર રજૂ કરવા માટે કેટલા દિવસ લાગે છે ? કોઈ ચોક્કસ દિવસોની મુદત નક્કી કરવામાં આવી છે કે કેમ ? કમિશનરના આ પ્રશ્નોના ઉત્તરમાં ફાયર બ્રિગેડના અધિકારીઓએ પેન્ડિંગ અરજીઓનો તાકીદે નિકાલ કરવાની ખાતરી આપી હતી.

કમિશનરે હોસ્પિટલોને સી ફોર્મની મંજૂરી અંગેનો ઉલ્લેખ કરીને એમ જણાવ્યું હતું કે, સી ફોર્મની મંજૂરી સરળ બનાવી છે ત્યારે હોસ્પિટલ સંચાલકોને તકલીફ ન પડે તે પર ધ્યાન આપવું જરૂરી છે. કમિશનરે શહેરમાં સફાઈની કામગીરી સંતોષજનક ન હોવાનું જણાવીને સુધારો કરવાની તાકીદ કરી હતી જેના ઉત્તરમાં સોલિડ વેસ્ટ મેનેજમેન્ટના અધિકારીઓએ સ્ટાફની તંગી હોવાનું બહાનું બતાવતા કમિશનર સખત શબ્દોમાં ઉધડો લીધો હતો અને સાફ સાફ શબ્દોમાં એમ જણાવ્યું હતું કે, શહેરમાં સફાઈની કામગીરી માટે જ્યારે પણ કંઈ કહેવામાં આવે છે ત્યારે સ્ટાફની તંગીનું બહાનું બતાવીને છટકવાની કોશિશ કરવામાં આવે છે આ બહાના હવે નહીં ચાલે.

## નગરી હોસ્પિટલ પાસે કબ્રસ્તાનની જમીન વર્ષોથી અડ્ડો જમાવનાર દબાણો હટાવાયા

। અમદાવાદ ।

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના પશ્ચિમ ઝોનના એસ્ટેટ અને ટીડીઓ વિભાગ દ્વારા નગરી આંખની હોસ્પિટલ પાસે આવેલ વકફ બોર્ડના કબ્રસ્તાનની જમીન પર વર્ષોથી અડ્ડો જમાવીને બેઠેલા કબાડી માર્કેટ, ટુ- વ્હીલર અને મોટરકારના ગેરેજના લગભગ એક હજાર દબાણો દૂર કર્યા છે. વકફ બોર્ડની સ્મશાનના હેતુ માટે ફાળવાયેલી કબ્રસ્તાનની જમીન પરથી લગભગ ૩ દિવસ દબાણો દૂર કરીને અંદાજે ૧૫,૦૦૦ ચો.વારની જગ્યા ખુલ્લી કરવામાં આવી છે. આ પ્લોટ પરથી દબાણો હટાવી દઈને પ્લોટ ખુલ્લો કરવામાં આવ્યો છે અને આ પ્લોટ પર ફરીથી ગેરેજ, કબાડી માર્કેટ કે અન્ય પ્રકારના દબાણો ન થાય તે માટે કમ્પાઉન્ડ વોલ બનાવાશે. AMCની ટાઈન પ્લાનિંગ કમિટીના ચેરમેન દેવાંગ દાણીએ જણાવ્યું છે કે, કોર્ટ દ્વારા ૨૦૧૫માં આ જમીનનો પ્લોટ ખાલી કરવા માટે AMCની તરફેણમાં ચુકાદો આપ્યો હતો.

### વેપારીને ચીનના મિત્રે દિલ્હીના ઠગનો નંબર આપ્યો

# કેમિકલના વેપારી સાથે દિલ્હીના ઠગોની ૩૬ લાખની છેતરપિંડી

### વેપારીએ તપાસ કરતાં ઠગની દિલ્હીમાં કોઈ ઓફિસ જ નહોતી

। અમદાવાદ ।

દિલ્હીના ઠગોએ સરસપૂરમાં વેપાર કરતા કેમિકલના ધંધાર્થી સાથે રૂ.૩૬.૫૦ લાખની ઠગાઈ આચર્યાની ઘટના બની છે. ક્રાઈમબ્રાન્ચે આરોપીઓ વિરુદ્ધ મંગળવારે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

ચાંદખેડામાં પિનાકલ રેસિડન્સીમા રહેતા અને ફાર્મા અને એગ્રીકલચર કેમિકલનું ટ્રેડિંગ કરતા કેતન હર્ષદ મહેતાએ ફરિયાદ નોંધાવી છે. ફરિયાદીને ડાયમેથોમોર્ફ કેમિકલની જરૂર હોય ચીનમાં રહેતા મિત્રે દિલ્હી સ્થિત મુકેશ બાબુરામનો નંબર આપી તેઓ પાસેથી કેમિકલ મળી જશે તેમ જણાવ્યું હતું. ફરિયાદીએ મુકેશ બાબુરામ સાથે વાત કરતા તેઓએ ભાવતાલ નક્કી કર્યા હતા. તે જ દિવસે ફરિયાદીએ આરોપીના ખાતામાં પૈસા ટ્રાન્સફર કરતા સાત દિવસમાં માલ મોકલવાની ખાતરી આપી હતી. ફરિયાદી ત્રણ દિવસ પછી ધંધાના કામે દિલ્હી ગયા મળવા માટે ફોન કરતા આરોપીએ પિતાનું અવસાન થયું હોવાથી વતનમાં હોવાની વાત કરી હતી. ૭ દિવસે માલ ના આવતા ફરિયાદીએ ફોન કરતા આરોપી મુકેશે માલ આવી જશે તેવી ખાતરી આપી હતી. આ રીતે મુકેશ અવારનવાર વાયદા કરતો હતો. આ બાબતે પશ્ચિમ બંગાળના વેપારી સાથે ફરિયાદીએ વાત કરતા તેઓએ દિલ્હી સાથે જઈ તપાસ કરીશું. ફરિયાદી અને તેમના વેપારી મિત્રે દિલ્હી જઈ આરોપી મુકેશની દિલ્હી રોહિણી ખાતે આવેલી નેશનલ કેમિકલ્સ ફૂડ એન્ડ ફર્ટિલાઈઝર કંપનીની ઓફિસે તપાસ કરતા મળી આવી ન હતી કે મુકેશ પણ મળ્યો ન હતો.

FAIRCHEM
A FAIRFAX COMPANY

## FAIRCHEM ORGANICS LIMITED

**Registered Office & Works:** 253/P & 312, Village Chekhala, Sanand - Kadi Highway, Taluka Sanand, Dist. Ahmedabad - 382 115, Gujarat.
**Ph.:** (02717) 687 900, (02717) 687 901; **Email Id:** cs@fairchem.in; **Website:** www.fairchem.in
**CIN:** L24200GJ2019PLC129759

**EXTRACT OF AUDITED FINANCIAL RESULTS FOR THE YEAR AND QUARTER ENDED MARCH 31, 2022**

| Sr. No. | Particulars | (Rs. in Lakhs) Quarter ended | | | Year ended | |
|---|---|---|---|---|---|---|
| | | 31-Mar-2022 | 31-Dec-2021 | 31-Mar-2021 | 31-Mar-2022 | 31-Mar-2021 |
| | | Audited | Unaudited | Audited | Audited | Audited |
| 1 | Total Income from operations | 17,766.29 | 15,852.19 | 15,958.73 | 64,354.60 | 39,685.16 |
| 2 | Net Profit / (Loss) for the period (before Tax, Exceptional and/or Extraordinary Items) | 1,522.65 | 1,806.23 | 2,401.38 | 9,124.04 | 5,556.08 |
| 3 | Net Profit / (Loss) for the period before Tax (after Exceptional and/or Extraordinary Items) | 1,522.65 | 1,806.23 | 2,401.38 | 9,124.04 | 5,556.08 |
| 4 | Net Profit / (Loss) for the period after Tax (after Exceptional and/or Extraordinary Items) | 1,124.32 | 1,345.38 | 1,882.99 | 6,790.64 | 4,248.47 |
| 5 | Total Comprehensive Income for the period (Comprising Profit/(Loss) for the period (after tax) and Other Comprehensive Income (after tax) | 1,135.53 | 1,357.26 | 1,842.96 | 6,797.24 | 4,201.38 |
| 6 | Equity Share Capital (Face value of Rs. 10/- each) | 1,302.09 | 1,302.09 | 1,302.09 | 1,302.09 | 1,302.09 |
| 7 | Other Equity (as per balance sheet of the previous accounting year) | | | | 21,912.87 | 15,571.36 |
| 8 | Earnings Per Share (Face value of Rs. 10/- each) - **In Rupees** | | | | | |
| | Basic | 8.63 | 10.33 | 14.46 | 52.15 | 32.63 |
| | diluted | 8.63 | 10.33 | 14.46 | 52.15 | 32.63 |

**Notes:**

1 The above is an extract of the detailed format of audited Financial Results for the year and period ended March 31, 2022 filed with the Stock Exchanges under Regulation 33 of SEBI (LODR) Regulations, 2015. The full format of the Financial Results are available on the websites of the Stock Exchanges (www.bseindia.com, www.nseindia.com) and the Company (www.fairchem.in)

For and on behalf of the Board of Directors,
For Fairchem Organics Limited,

Place : Chekhala, Taluka Sanand, Dist. AHMEDABAD
Date : May 17, 2022

Nahoosh Jariwala
Chairman & Managing Director
(DIN : 00012412)

# Perarivalan's release: An issue no party could ignore

## Even Without Any Political Impact, It Affected Centre-TN Relations

V.Mayilvaganan@timesgroup.com

**Chennai:** The demand for Rajiv case convicts' release was an issue that had little electoral impact, but one that no party could afford to ignore. It spawned competitive politics among DMK, AIADMK, MDMK and NTK, shaped the Tamil nationalist discourse and often drove a wedge in the Centre-state relationship.

Former DMK patriarch M Karunanidhi, who had to pay a heavy political price after the assassination of Rajiv Gandhi and could not express his sympathy for the convicts openly for the next few years, had to change track eventually. His arch rival J Jayalalithaa, who attacked Karunanidhi as an anti-national, for supporting the LTTE, too had to make a U-turn. For about 20 years, the demand for release of Rajiv case convicts by Dravidian parties hogged the political space in Tamil Nadu.

"The issue did not have electoral impact, but it was always alive. The electoral impact was only once, in 1991, soon after the assassination," said Observer Research Foundation director N Sathyamoorthy.

Politicking over the release of Rajiv case convicts began within days after they were sentenced to death by a TADA court in 1998. The first major political decision in the issue was taken by Karunanidhi when he chaired a cabinet that recommended commutation of the death sentence to Nalini, in 2000. Back then, Jayalalithaa launched a strident attack on the DMK patriarch. In 2009 though, her approach towards the Lankan Tamils' cause changed.

PTI



TN chief minister MK Stalin greets Perarivalan after his release on Wednesday in the presence of the latter's mother Arputhammal

Though it was DMK which positioned itself as a party fighting for their cause, AIADMK sprung a surprise when Jayalalithaa declared in 2014 that she would release the convicts irrespective of the Centre's consent. This was the day SC commuted the death sentence of Perarivalan, Santhan and Murugan. But the then Congress government approached SC and Jayalalithaa had to put on hold her decision. Years later, it was her successor Edappadi K Palaniswami's government that had sent a recommendation to the Centre to release the seven convicts. The DMK for its part announced in its poll promises in 2021 that it would secure the release of the seven.

Over the years, politics around the case grew to be a peculiar one with arch-rivals taking the same stand –DMK and AIADMK supporting their release, Congress and BJP opposing them, said noted S V Rajadurai, writer and campaigner against death penalty, who mobilised support for Perarivalan's release.

# Cong: BJP's petty politics led to release of convict

Times News Network

**New Delhi:** Congress accused the BJP government of playing "petty and cheap politics" by facilitating the release of A G Perarivalan, the assassin of late Prime Minister Rajiv Gandhi, and accused PM Narendra Modi and BJP of showing double standards on terrorism.

"Today there is sorrow and fury not only among Congress workers, but in every citizen who believes in India and Indianness. It is condemnable and very unfortunate," he said.

"A terrorist is a terrorist and should be treated as one. Today, we are deeply pained and disappointed at the decision of the Supreme Court. If those guilty of terrorism, and assassination of a PM, are going to be released like this, then who will uphold the majesty and the integrity of law in this country?" Surjewala asked.

Training its guns at Modi, Congress asked, "Are you going to be complicit in the release of terrorists and murderers of a former PM. Is it acquiescence by silence?"

Congress said on September 9, 2018, the then AIADMK-BJP government in Tamil Nadu had recommended the release of all seven Rajiv assassination convicts, and the recommendation was sent to the then governor Banwarilal Purohit, a former BJP leader.

# *How a mother fought for son's life, and won*

Julie.Mariappan
@timesgroup.com

**Chennai:** Her struggle lasted three long decades. But Arputhammal, 74, never gave up her relentless battle to get her son Perarivalan, a convict in the Rajiv Gandhi assassination case, freed. She left no stone unturned in securing his release even if it meant the long wait to meet former chief minister J Jayalalithaa at Fort St George or Union home minister Amit Shah in New Delhi.

"A man's life was spent in prison for 31 years. If you sit and think for a second, then you will know the pain and agony. My son has come through. I thank the chief minister, leaders of parties and the unknown people, who stood by my son," Arputhammal said, minutes after SC gave the verdict.

A native of Jolarpet, she knocked the doors of legendary jurist V R Krishna Iyer, who in turn wrote a letter to former PM Manmohan Singh. Perarivalan was in jail with capital punishment hanging over his head for close to 18 years before the sentence was remitted. Arputhammal petitioned the CM's office, ministers, advocates, social activists, the CM's grievance cell, and participated in demonstrations and human chain protests, and held press briefings. She was resolute in her stand that her son was innocent. "Her relentless spirit was one of the

TOI



A 2011 picture shows Arputhammal's reaction after Madras HC had stayed her son A G Perarivalan's execution

major reasons for our government to consider extending parole for the first time in 2017 and granting further extensions. No one thought about giving parole until then. Her sacrifice and commitment are commendable," AIADMK leader and former TN law minister C Ve Shanmugam said, recalling her frequent visits to his residence.

There seemed to be no end to her struggle and the battle continued in association with the Tamil nationalist organisations, human rights groups and political parties. There was a ray of hope when Jayalalithaa announced that she would release all the convicts in the Rajiv assassin case based on the decision of the cabinet in 2014. Arputhammal called on the former CM, tears rolling down her face to express gratitude.

*Full report on www.toi.in*

# 'I wish he gets married and leads a happy life'

Jaikrishnan.Nair
@timesgroup.com

**Kottayam:** Justice K T Thomas (retd), who headed the Supreme Court bench that sentenced Rajiv Gandhi assassination convict A G Perarivalan to death in 1999, said he would like to meet him if he happens to come to Thomas's native town Kottayam. "I wish to meet him if he ever comes to Kottayam. It was me who had sentenced him to death…I wish he gets married and leads a happy life …It's already late. He has got only the love of his parents and has not enjoyed a family life," he said.

He praised Arputham Ammal, Perarivalan's mother who fought a long battle for her son's release. "She still believes that her son is not involved in the case. She believes he is innocent. Maybe that belief would have made her fight so long for her son," he said.

Speaking from his residence soon after the apex court ordered Perarivalan's release, justice Thomas opined that the verdict could open the way for the release of the other convicts in the case. "My personal opinion is that the principle of this verdict of the Supreme Court will apply to the other convicts in the Rajiv Gandhi assassination case as well," he said.

Thomas also said he had written a letter to Sonia Gandhi in 2017 requesting her to "show magnanimity" and convey her willingness for the remission of sentences of those who have been in jail since 1991. "I have never got a reply to my letter," he said.

*Full report on www.toi.in*

GOVERNMENT OF WEST BENGAL
APPOINTMENT TO THE POST OF CHAIRPERSON OF WEST BENGAL ELECTRICITY REGULATORY COMMISSION

Applications are invited from eligible persons for appointment to the position of Chairperson of the West Bengal Electricity Regulatory Commission. Details are available in www.wbpower.gov.in. Duly filled in application in prescribed proforma shall be sent to the Additional Chief Secretary, Power Department, Government of West Bengal, Bidyut Unnayan Bhawan, 3/C, LA Block, 5th Floor, Sector - III, Salt Lake, Kolkata - 700 106 by 16th June, 2022.
Filled in applications may also be mailed to powersecy@wb.gov.in within 16th June, 2022

Sd/-
Additional Chief Secretary
Department of Power
Government of West Bengal

ICA-N222(3)/2022

# 'Wanted verdict while parents were still alive'

**Chennai:** A G Perarivalan alias Arivu said on Wednesday that truth and justice were on his side and it gave him strength during his incarceration. Soon after SC's verdict, he said Tamils across the world extended support to him. "That's because of my mother, her sacrifice and struggle. She was subjected to a lot of humiliation in the beginning. She experienced a lot of pain and suffering and relentlessly struggled for 31 years," he said.

While speaking to journalists at his Jolarpet residence in the presence of his parents, he drew a parallel between the struggles of the protagonist of Maxim Gorky's 'Mother' and that of his own mother. He said he was scared to see his mother whenever there was a setback in the legal battle. "I was pained at the thought of having put my mom through hardship that robbed her of her life. I wanted the verdict of my release to be delivered while they are alive," he said.

On his future plans, Perarivalan, who was 19 when he was arrested, said, "I have just come out. I need to breathe. Give me some time."

Son of a rationalist couple, Arivu was accused number 18 in the Rajiv Gandhi case. He faced more than 30 charges under IPC, Telegraphy Act, Passport Act and the now-repealed TADA. In jail, he was a model prisoner. His conduct earned goodwill for all the Rajiv case convicts among the public and media. TNN

INDIAN INSTITUTE OF BANKING & FINANCE
Tel. No.: 022 – 6850 7006 / 6850 7005
REQUEST FOR PROPOSAL(RFP)

Indian Institute of Banking & Finance invites tenders toward the RFP for selection of service provider/s to conduct remote proctored examinations in an online mode.

For further details, the prospective bidders may visit the Institute's website **www.iibf.org.in** and download the "**Request For Proposal**" document. The last date of submission of RFP is **30th June, 2022 up to 3.00 p.m.**

**Mumbai, 19.05.2022** **Chief Executive Officer**

રોગી કલ્યાણ સમિતિ
ROGI KALYAN SAMITI

રોગી કલ્યાણ સમિતિ, સિવિલ હોસ્પિટલ અમદાવાદ
ચાર્ટડ એકાઉન્ટન્ટ અને લીગલ એડવાઈઝરની નિમણુંક બાબત

- ચાર્ટડ એકાઉન્ટ પેઢીઓ પાસેથી રોગી કલ્યાણ સમિતિ, સિવિલ હોસ્પિટલ અમદાવાદના હિસાબોના સ્ટેચ્યુટરી ઓડીટ તેમજ યુટીલાઈઝેશન સર્ટીફિકેટ માટે પેનલ બનાવવાના હેતુસર અરજીઓ મંગાવવામાં આવે છે.
- સિવિલ હોસ્પિટલ, અમદાવાદના વિવિધ કાયદાકીય પ્રશ્નના માર્ગદર્શન માટે લીગલ એડવાઈઝરની સેવાઓ મેળવવાના હેતુસર અરજીઓ મંગાવવામાં આવે છે.

આ અંગેની અરજી વેબસાઈટ (www.civilhospitalahd.gujarat.gov.in) ઉપરથી ડાઉનલોડ કરી તા. ૨૬/૦૫/૨૦૨૨ સુધી સાંજના ૪.૦૦ કલાક સુધીમાં સંપુર્ણ વિગતો અને આધાર-પુરાવાઓ હાર્ડકોપીમાં ડી-૪, રોગી કલ્યાણ સમિતી, સિવિલ હોસ્પિટલ, અમદાવાદને અચુક મળી જાય તે રીતે મોકલી આપવાની રહેશે

તબીબી અધિક્ષક તથા મેમ્બર સેક્રેટરી
રોગી કલ્યાણ સમિતિ, સિવિલ હોસ્પિટલ, અમદાવાદ

ક્રમાંક/સંમાનિ/અમદ/૨૯૯/૨૦૨૨

राजस्थान स्टेट सीड्स कॉर्पोरेशन लिमिटेड
तृतीय मंजिल, पंत कृषि भवन, जनपथ, जयपुर CIN : U75132RJ1978SGC001781,
Website- www.rajseeds.org Phone No. (0141) 5106516

F3( )RSSC/Procurement./2022-23/4294 Date :- 18/05/2022

Notice Inviting Bid

Rajasthan State Seeds Corporation Limited, Jaipur invites followingBids from interested Bidders for various items as follows:-

| S. No. | U.B.N. | Particulars of Procurement | Last date and time of online submission of Tender |
|---|---|---|---|
| 1 | SDS2223GLOB00008 | F/Seed of Soybean & Dhaincha for Khariff-2022 | Up to 02.00 PM on 23.05.2022 |
| 2 | SDS2223SLOB00006 | Labour Work | Up to 02.00 PM on 06.06.2022 |
| 3 | SDS2223SLOB00007 | Transport Work | Up to 02.00 PM on 06.06.2022 |
| 4 | SDS2223GLOB00009 | Procurement of Computer Hardware | Up to 12.00 PM on 03.06.2022 |

Tender documents & Details are available on website https://eproc.rajasthan.gov.in, www.sppp.rajasthan.gov.in, www.rajseeds.org and www.agriculture.rajasthan.gov.in.

Raj.Samwad/C/22/1959 Managing Director, (DIN 08383856)

THE GUJARAT CANCER & RESEARCH INSTITUTE
(M.P.SHAH CANCER HOSPITAL)
N.C.H.CAMPUS, ASARWA, AHMEDABAD-380 016
Affiliated to B.J. Medical College, Ahmedabad
Phone: 079-2268 8009 Fax: 079- 2268 5490

TENDER NOTICE
Short Tender Notice

| Group | Name of the Tender | Tender Fees (Rs.) | E.M.D (Rs.) | Upload Date from | Closing Date | Pre-Bid Meeting Date |
|---|---|---|---|---|---|---|
| Engineering | Annual Repairing and Maintenance Contract for Civil, plumbing, Aluminium, colour and other .miscellaneous items work at Gujarat Cancer And Research Institute Ahmadabad. Sidhhpur Cancer care centre, Rajkot and Bhavanagar | 2,950 | 1,50,000 | 18-05-22 | 25-05-22 | 20-05-22 |

Interested bidders may download the tender after 17:00 hours from the uploading date mentioned above through www.nprocure.com. Pre- Bid Meeting will be conducted as above at 11:00 hours in the Board Room, GCRI, Ahmedabad. Last date for submission of online bid will be as above up to 17:00 hours. Tender details may also be obtained from www.gcriindia.org. For any Queries contact Stores Department, GCRI, Ahmedabad.

No. INF/ABD/291/22-23 DIRECTOR

TENDER NOTICE NO. 08/2022-23

(Seven attempt for work no.4, Fifth attempt for work no. 1 & 2, fourth attempt for work no. 3 ) On behalf of Jilla Panchayat, Devbhumi Dwarka, Online tenders for road works of Estimated amount beetwen Rs 34.10 Lacs to 162.32 lacs Under MMGSY scheme and D.M.F. scheme is invited from Regd. Class contractors under R & B department and NWRWS & Kalpsar Department by Executive Engineer Panchayat R & B Dn. Devbhumi Dwarka. Tenders will be available on **https/rnb.nprocure.com** and is to be quoted online from this site. Tender notice available also on notice board of this office & also on website **www.statetender.gujarat.gov.in** Online tender submission date will be as under. Tender will not be accepted by post or in person.Rights to accept or reject tender is reserved.

| | |
|---|---|
| Document downloading and submission Last date and Time | Dt. 30-05-2022 up to 18-00 hours. |
| Tender opening time and Date. | Dt. 31-05-2022 at 12-00 hours |

No. Info/ 139/JAM:2022-23

PUNE HOUSING AND AREA DEVELOPMENT BOARD
(A UNIT OF MHADA)
Gruhniman Bhavan, Agarkar Nagar, Pune 411001. Ph.: 020-26128856/26128868/26128082 Fax : 26123614

TENDER NOTICE

E-Tender Notice No. PB/EE-2/E Tender/07of 2022-23
Main Portal : http://Mahatenders.gov.in

On behalf of Dy. Chief Engineer, The Executive Engineer-II, Pune Board, through the process of e- tendering invites digitally signed & unconditional online tenders in form "C" Open E-Tender from prospective bidders for the work mentioned below. The detail tender & documents are available on above website from **19/05/2022 @ 11.00 a.m.**

Name of work

Survey, Soil Investigation. Planning, Designing, Building Construction, Obtaining All Relevant Permissions And Required Completion /Occupancy Certificate From Concerned Local Authority On Lum-sum Turn-Key Basis For Construction of 06 MIG Flats and 07 Shops Scheme on Land Bearing S.No. 252 (Part), Plot No.02. Sangli. Tal Miraj, Dist-Sangali (Plot area=562.00 Sqm)

| | |
|---|---|
| Estimated cost (In Rupees)- Rs. 1,74,64,124 /- (Excluding GST) | Ernest Money Deposit- Rs. 1,50,000/- |
| Security Deposit-Rs. 1,75,000/- | Cost of Tender (Non refundable) including 18% GST (In Rs.) Rs. 1180/- |
| Time limit (In calendar Months) | 18 Months Including monsoon |

The e-tender acceptance authority having sole right to accept or reject e-tender.

Date : 19/05/2022 Sd/- Executive Engineer - II/ Pune Board

# SC noted his good record in jail & parole

▶Continued from P1

The bench said, "Given that his petition under Article 161 remained pending for two and a half years following the recommendation of the state cabinet for remission of his sentence and continues to remain pending for over a year since the reference by the governor, we do not consider it appropriate to remand the matter for the governor's consideration. In the absence of any other disqualification and in the exceptional facts and circumstances of this case, in exercise of our power under Article 142 of the Constitution, we direct that the appellant is deemed to have served the sentence in connection with the Crime No. 329 of 1991. The Appellant, who is on bail, is set at liberty forthwith."

Former PM Rajiv Gandhi was killed by a suicide bomber during an election campaign in Sriperumbudur on May 21, 1991. Perarivalan was convicted of purchasing the batteries used to detonate the bomb. He was among the 26 accused who were sentenced to death in 1998.

The court noted that apart from his good behaviour in jail, Perarivalan also educated himself and successfully completed his higher secondary exams and earned undergraduate and postgraduate degrees and a diploma. Also, he didnot breach any condition when he came out on parole twice.

MAHAGENCO
Maharashtra State Power Generation Co. Ltd.

TENDER NOTICE : CPA-12-2022

Digitally signed tenders under Two Bid System are invited for the following

Tender No.: SP/T-0108/0522 (RFx No: 3000028490)

Description of tender: Supply of Chemicals for Cooling Water of various TPS as per Technical Specification Section IV.

Due date & time of submission of Tender Bids: Up to 11.00 hrs of 06/06/2022

Contact Person: Office of Chief Engineer (CPA), Tel No.: 022-26474211, Extn: 2488 / 3657

For further details visit our website ***https://eprocurement.mahagenco.in/***

**Chief Engineer (CPA)**

IN THE OFFICE OF THE CHARITY COMMISSIONER
GUJARAT STATE, BAHUMALI BHAVAN, THIRD FLOOR, NEAR GURUKUL, DRIVE IN ROAD, AHMEDABAD.
Scheme Amalgamation Application No.-31/2022
under section 50A(2) of the Gujarat Public Trusts Act 1950.

**(1) Kadva Patidar Betalis Samaj Education Trust**
Registration No. E/17930/ Ahmedabad
**(2) Betalis Samaj Pragati Mandal**
Registration No.E/9904/Ahmedabad

**Applicants:** (1) Shri Arvindbhai Gandalal Patel
(2) Shri Mukeshbhai Kalidas Patel **V/s.**
**Opponents :** None

The above named applicants have applied to the Charity Commissioner, Gujarat State, Ahmedabad under Section 50(A)(2) of The Gujarat Public Trust Act, 1950, and have prayed that it is expedient and necessary to amalgamate the above Two public trusts by framing a common scheme.

Notice is hereby given that any person interested in the matter may file his written statement on or before date: 03/06/2022 at 12:00 on which the date fixed for hearing before the Charity Commissioner, O/o. the Charity Commissioner, Gujarat State, Ahmedabad at the above mentioned address either in person or through post, failing which the matter shall be heard & determined ex-party & the Charity Commissioner will pass such orders as he deems proper on that day.

Given under my sign & Seal of this office on **17-05-2022**

**Prepared by** **(Y. M. Shukla)**
**Parul C. Jani** **Charity Commissioner**
**Bench Clerk** **Gujarat State, Ahmedabad.**

FAIRCHEM ORGANICS LIMITED

FAIRCHEM
A FAIRFAX COMPANY

**Registered Office & Works:** 253/P & 312, Village Chekhala, Sanand - Kadi Highway, Taluka Sanand, Dist. Ahmedabad - 382 115, Gujarat.
**Ph.:** (02717) 687 900, (02717) 687 901; **Email Id:** cs@fairchem.in; **Website:** www.fairchem.in
**CIN:** L24200GJ2019PLC129759

EXTRACT OF AUDITED FINANCIAL RESULTS FOR THE YEAR AND QUARTER ENDED MARCH 31, 2022

(Rs. in Lakhs)

| Sr. No. | Particulars | Quarter ended | | | Year ended | |
|---|---|---|---|---|---|---|
| | | 31-Mar-2022 | 31-Dec-2021 | 31-Mar-2021 | 31-Mar-2022 | 31-Mar-2021 |
| | | Audited | Unaudited | Audited | Audited | Audited |
| 1 | Total Income from operations | 17,766.29 | 15,852.19 | 15,958.73 | 64,354.60 | 39,685.16 |
| 2 | Net Profit / (Loss) for the period (before Tax, Exceptional and/or Extraordinary Items) | 1,522.65 | 1,806.23 | 2,401.38 | 9,124.04 | 5,556.08 |
| 3 | Net Profit / (Loss) for the period before Tax (after Exceptional and/or Extraordinary Items) | 1,522.65 | 1,806.23 | 2,401.38 | 9,124.04 | 5,556.08 |
| 4 | Net Profit / (Loss) for the period after Tax (after Exceptional and/or Extraordinary Items) | 1,124.32 | 1,345.38 | 1,882.99 | 6,790.64 | 4,248.47 |
| 5 | Total Comprehensive Income for the period (Comprising Profit/(Loss) for the period (after tax) and Other Comprehensive Income (after tax) | 1,135.53 | 1,357.26 | 1,842.96 | 6,797.24 | 4,201.38 |
| 6 | Equity Share Capital (Face value of Rs. 10/- each) | 1,302.09 | 1,302.09 | 1,302.09 | 1,302.09 | 1,302.09 |
| 7 | Other Equity (as per balance sheet of the previous accounting year) | | | | 21,912.87 | 15,571.36 |
| 8 | Earnings Per Share (Face value of Rs. 10/- each) - **In Rupees** | | | | | |
| | Basic | 8.63 | 10.33 | 14.46 | 52.15 | 32.63 |
| | diluted | 8.63 | 10.33 | 14.46 | 52.15 | 32.63 |

**Notes:**

1 The above is an extract of the detailed format of audited Financial Results for the year and period ended March 31, 2022 filed with the Stock Exchanges under Regulation 33 of SEBI (LODR) Regulations, 2015. The full format of the Financial Results are available on the websites of the Stock Exchanges (www.bseindia.com, www.nseindia.com) and the Company (www.fairchem.in)

**For and on behalf of the Board of Directors,**
**For Fairchem Organics Limited,**

**Nahoosh Jariwala**
**Chairman & Managing Director**
**(DIN : 00012412)**

**Place : Chekhala, Taluka Sanand, Dist. AHMEDABAD**
**Date : May 17, 2022**

AHMEDABAD MUNICIPAL CORPORATION
ENGINEERING WATER PROJECT DEPARTMENT
EXPRESSION OF INTEREST

75 आज़ादी का अमृत महोत्सव

Tender and Details Available On : **www.ahmedabadcity.gov.in**

**Expression of Interest from technically sound and experienced Consultant engineering firms for preparing detailed Design & DPR for Water supply Project works at various locations in Ahmedabad.**

| | |
|---|---|
| Last date of submission | Date: 08 /06 /2022 |
| Detail and Tenders available on | www.ahmedabadcity.gov.in |